# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૨૯-૯૪૨ તા. ૧૪/03/૨૦૧૯

પરિપત્ર-૭૮૩

સંદર્ભ:- અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પંચમહાલની કચેરીનું જાહેરનામું: એમએજી/જાહેરનામુ/૭૯૮-૮૩૭/૨૦૧૯

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ, કાયદા મેડીકલ અને પેરામેડીકલ વિધાશાખાની તમામ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ દર્શિત જાહેરનામા અન્વયે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પંચમહાલ દ્વારા **PUBG Game/ MOMO Challenge** રમવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. ઉપરોક્ત જાહેરનામાની જાહેરાત આપની કોલેજમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ ચોંટાડવાની રહેશે તેમજ નોટીસ કે અન્ય વિવિધ માધ્યમો દ્વારા આ અંગેની જાણ આપની કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને કરવાની રહેશે તેમજ આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ની કલમ – ૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ – ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે જેની જાણ પણ તમામ વિદ્યાર્થીઓને કરવાની વિનંતી.

કા. કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

<u>બીડાણ:-</u>

જાહેરનામાની નકલ

Scanned by CamScanner

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સત્યમેવ જયતે
સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ | ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને.૧૯૭૩(૧૯૭૪ના નંબર–૨)ની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭(૩) હેઠળનું જાહેરનામુ**

નં.એમએજી/જાહેરનામુ/778 to 837 /૨૦૧૯

વિવિધ માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, PUBG Game/ MOMO Challenge ના કારણે બાળકો અને યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતુ જોવા મળે છે. આ ગેમને કારણે બાળકો અને યુવાનોના અભ્યાસ પર અસર થાય છે તેમજ આ ગેમની અસર બાળકો અખને યુવાનોના વ્યવહાર વર્તન,વાણી અને વિકાસ પર પડે છે.

વાસ્તે હું મહેન્દ્ર એલ.નલવાયા(જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને.૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭(૩) હેઠળ મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર PUBG Game/ MOMO Challenge રમવા પર પ્રતિબંધ ફરમાવુ છું. સાથોસાથ જે પણ વ્યકિતને પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં કોઈપણ અન્ય વ્યકિત એવી PUBG Game રમવાની ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

અપવાદઃ– ગુનાની તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામુ લાગુ પડતુ નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારા ભારતીય ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ની કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી,દુરદર્શન કેન્દ્ર અને સ્થાનિક કેબલ ઓપરેટર મારફતે કરાવવી.

આજ તારીખ: ૦૬–માર્ચ –૨૦૧૯ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

Additional District Magistrate
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

(મહેન્દ્ર એલ.નલવાયા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

Univers...
No. - 2523

Scanned by CamScanner